# હોસ્ટેલ - એ.એમ.સી. ડેન્ટલ કોલેજ

૧. હોસ્ટેલનો ગેટ બંધ કરવાનો સમય રાત્રે ૯:૩૦ કલાકનો રહેશે. જેથી દરેક વિદ્યાર્થીએ રાત્રે ૯:૩૦ કલાક પહેલા હોસ્ટેલમાં હાજર રહેવાનું રહેશે.

૨. દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે દરેક વિદ્યાર્થીએ ફરજીયાત હાજરી પુરાવાની રહેશે. હાજરીના સમયે ગેરહાજર રહેનાર વિદ્યાર્થીની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

૩. વિઝીટર્સએ સ્ટુડન્ટસને મળવા માટેનો સમય સવારે ૯:૦૦ થી ૬:૩૦ કલાકનો રહેશે, જે ફક્ત રીસેપ્શન એરીયામાં મળી શકશે. કોઇપણ વિદ્યાર્થીની ના રૂમ માં કોઇ પણ મુલાકાતી રોકાઇ શકશે નહિ.

૪. રજા પર જતા પહેલા જે તે વિદ્યાર્થીની એ લીવ રીપોર્ટ ભરવાનો રહેશે અને રજાની માહિતી હાજરી પત્રક (રજીસ્ટ્રર)માં ભરવાની રહેશે

૫. પરવાનગી સિવાય કોઇ પણ ટીફીનવાળા/પાણીવાળા/અન્ય કોઇ પણ કારીગર / બાહ્ય વ્યકિતએ હોસ્ટેલ માં પ્રવેશ કરવો નહિ.

૬. હોસ્ટેલમાં રહેતા તમામ સ્ટુડન્ટસએ રૂમમાં સ્વચ્છતા જાળવવાની રહેશે, અહીં-તહીં થૂંકવુ કે અન્ય કચરો ફેલાવતા માલુમ પડશે તો તે બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૭. અન્ય કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રીક/ઇલેક્ટ્રોનીક ઉપકરણોનો રૂમમાં ઉપયોગ કરવો નહી.કોઇપણ સ્ટુડન્ટ આવા ઉપકરણોનો ઉપયોગ કરતાં માલૂમ પડશે કે તેના કારણે હોનારત સર્જાય તો તે બદલની સઘળી જવાબદારી જે-તે સ્ટુડન્ટની રહેશે અને સદર ઉપકરણો જમા લઇ સ્ટુડન્ટ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૮. હોસ્ટેલની સંપત્તિને કોઇપણ પ્રકારે નુકશાન થશે, તો તે બદલ જે-તે સ્ટુડન્ટસ પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે.

૯. હોસ્ટેલ માં રહેતા તમામ વિદ્યાર્થી એ રૂમ ચેકીગ દરમ્યાન રેકટરશ્રી તથા સિક્યુરીટી ગાર્ડને સહકાર આપવાનો રહેંશે. તેમજ હોસ્ટેલ ઓથોરીટીની સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. હોસ્ટેલમાં રહેતાં વિદ્યાર્થીઓ ને આથી જણાવવામાં આવે છે કે, તેઓને હોસ્ટેલના નિતી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મેમો ઇસ્યુ કરવામાં આવશે, તેમજ આવા ત્રણ મેમો બાદ વિદ્યાર્થીની વર્તણૂંક નિયમીત નહી જણાય, તો જે-તે વિદ્યાર્થીને હોસ્ટેલ ખાલી કરવાની નોટિસ ઇસ્યુ કરવામાં આવશે, જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.